dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

March 2010 | For private circulation only | Vol. 02 - Issue 29

निर्धूमवर्तिरपवर्जिततैलपुरः कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।

गम्यो न जातु मरुतां चलिताचलानां, दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ।। १६ ।।

હે નાથ ! આપ જગતને પ્રકાશિત કરનારા અલૌકિક દિપક છો. દિપક તેલ તથા વાટ થી પ્રકાશે છે તથા તેમાંથી ધુમાડો નીકળે છે. આપના અલૌકિક દિપકને તેલ કે દીવેટની જરૂર નથી પડતી. તે નિર્ધૂમ છે. દિપક સીમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. આપ પરિપૂર્ણ જગતને પ્રકાશ બક્ષો છો. દિપકને હવાની એક લહેર પણ બુઝાવી દે છે, આપના અલૌકિક દિપકને પર્વતોને કંપાવી દેનારા પ્રલયો પણ બુઝાવી શકતા નથી.

आचार्यश्री महाप्रज्ञजी
(भक्तामर – अंतस्तल का स्पर्श)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

એકવીસમી સદીના ઉભરતા જ્ઞાનયુગમાં ભારતની અહમ ભૂમિકા ભજવવા ઉચ્ચશિક્ષણ ક્ષેત્રનું કાયાકલ્પ કરવાની વાત સામ પિત્રોડાના અધ્યક્ષપદે રચાયેલ રાષ્ટ્રીય જ્ઞાન આયોગ દ્વારા તૈયાર કરાયેલ અહેવાલમાં કરવામાં આવી. આ અહેવાલમાં ઉચ્ચશિક્ષણના નિયમન માટે અનેક નિયમનકારી સંસ્થાઓનું (UGC, AICTE, NCTE, MCI, BCI, વિગેરે) જટીલ માળખું નાબૂદ કરી એક સ્વતંત્ર ઉચ્ચશિક્ષણ નિયમનકારી સંસ્થા સ્થાપવાની વાત કરવામાં આવી હતી. ઉચ્ચ શિક્ષણમાં નિયામકના (Regulator) પાંચ પ્રધાન કર્તવ્યો છે જેમાં- ડિગ્રીઓ આપવા માટેની પરવાનગી આપવી, ગુણવત્તાની માપણી માટે એક્રિડિટેશનની કામગીરી, જાહેર નાણાંની ગ્રાન્ટ સ્વરૂપે વિતરણની કામગીરી, સુલભતાના સંદર્ભે ફીનું માળખું તથા અન્ય નિયમો બનાવવા તથા પ્રેકટીસ કરવા માટે લાયસન્સ આપવા. આજ સુધી માત્ર ભારત જ એક એવો દેશ છે જેમાં પ્રેકટીસ કરવાના લાયસન્સ આપવા સિવાયના અન્ય ચાર કાર્યો યુજીસી દ્વારા હાથ ધરાય છે. જે તે વિષયની કાઉન્સીલો તેના રજીસ્ટર્ડ સભ્યોને પ્રેકટીસ માટે લાયસન્સ આપવાની કામગીરી કરે છે. આમ હાલની પરિસ્થિતિને over-regulated but under-governed કહી શકાય. આયોગે તેના અહેવાલમાં તમામ રેગ્યુલેટરી કાઉન્સીલોને રદ કરી આ એક જ Independent Regulatory Authority for Higher Education (IRAHE)માં મર્જ કરવાની ભલામણ કરેલી છે. યુજીસીનું કાર્ય માત્ર નાણાકીય મદદ-ગ્રાન્ટની વહેંચણી પૂરતું મર્યાદિત કરી દેવાની ભલામણ છે.

રાષ્ટ્રીય જ્ઞાન આયોગના અહેવાલ બાદ પ્રોફે. યશપાલના અધ્યક્ષપદે ઉચ્ચશિક્ષણના જીર્ણોદ્ધાર તથા કાયાકલ્પ માટેની સલાહકાર સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ તેના અહેવાલમાં પણ ગવર્નન્સ પર વિશેષ ભાર મૂકયો છે. મોટા ભાગની યુનિવર્સિટીઓનું કથળેલું સંચાલનનું માળખું સુધારવા માટે સમિતિએ અનેક ભલામણો કરેલી છે. સમિતિએ નોંધ્યું છે કે મોટા ભાગની કાઉન્સીલો ચોકકસ હેતુને ધ્યાને લઈ કામ કરવાને બદલે માત્ર લાયસન્સ આપનારી સંસ્થાઓ બની ગઈ છે. યશપાલ સમિતિએ પણ આ તમામ કાઉન્સીલો બંધ કરી માત્ર એક જ 'નેશનલ કમીશન ફોર હાયર એજયુકેશન એન્ડ રિસર્ચ (NCHER) સ્થાપવાની ભલામણ કરી છે.

રાષ્ટ્રીય જ્ઞાન આયોગ તથા યશપાલ સમિતિની ભલામણોને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા સાત સભ્યોનું એક ટાસ્ક ફોર્સ સપ્ટેમ્બર-૭, ૨૦૦૯ના રોજ બનાવ્યું છે. આ જૂથ દ્વારા The National Commission for Higher Education and Research Bill, 2010નો ખરડો બનાવવામાં આવ્યો છે. આ ખરડો પાર્લામેન્ટમાં પસાર થયા બાદ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે.

NCHER બિલની વિવિધ જોગવાઈઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરતાં જણાય છે કે આખી યોજના થકી ઉચ્ચ શિક્ષણમાં સંપૂર્ણપણે કેન્દ્રિયકરણ કરવાનો છૂપો ઈરાદો હોય તેવી છાપ ઉપસે છે. સમગ્ર ખરડો સાત પ્રકરણોની કુલ ૫૬ કલમોમાં સમાવેશ કરાયેલ છે. પ્રથમ પ્રકરણની ત્રણ કલમોમાં કાયદાનું નામ, વિસ્તાર તથા વ્યાખ્યાઓનો સમાવેશ થાય છે. બીજી કલમમાં સ્પષ્ટ કરાયું છે કે આ કાયદો એગ્રીકલ્ચર અને મેડીકલ એજયુકેશન સિવાયની તમામ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓને લાગુ પડશે. બીજા પ્રકરણમાં નેશનલ કમીશન ઓફ હાયર એજયુકેશન એન્ડ રિસર્ચની સ્થાપના કરવા અંગેની વિવિધ કલમો અંગેના છે. જેમાં કમીશનનું વડુ મથક નવી દિલ્હી રહેશે. કમીશનમાં એક ચેર પર્સન અને છ સભ્યોનું માળખું રહેશે. જે પૈકી ચેર પર્સન અને ત્રણ સભ્યો પૂર્ણકાલીન પગારદાર વ્યકિતઓ રહેશે જયારે ત્રણ સભ્યો જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાત હશે. વડાપ્રધાનના પ્રમુખપદ વાળી પસંદગી સમિતિ જેમાં લોકસભાના સ્પીકર, વિરોધપક્ષના નેતા તથા ઉચ્ચ

શિક્ષણના સંબંધિત મંત્રીની હશે. આ સભ્યોની નિમણૂંક પાંચ વર્ષની હશે. ઉમરની મર્યાદા ૭૦ વર્ષની રહેશે. અન્ય ત્રણ સભ્યોની નિયુકિત પણ આ કાયદા હેઠળ રચાનાર Collegium દ્વારા ભલામણ કરાયેલા નામો પૈકી પસંદગી સમિતિ કરશે. કમીશનની વહીવટી બાબતોના સંચાલન માટે એકઝીકયુટીવ ડાયરેકટર તથા અન્ય અધિકારીઓ તથા સ્ટાફની રેગ્યુલેશનની જોગવાઈ મુજબ નિયુકિત થશે.

કાયદાના ત્રીજા પ્રકરણમાં વિદ્વાનોનું મંડળ Collegium-ની રચના તથા તેને આનુષાંગિક જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્વાનોના મંડળમાં બે પ્રકારના સભ્યો હશે. કોર સભ્યો - અંતસ્થ સભ્યો - જેમાં નેશન રિસર્ચ પ્રોફેસર અથવા નોબલ પ્રાઈઝ મેળવનાર અથવા ફીલ્ડ મેડલ મેળવનાર અથવા જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માન્તિ, અથવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત એકેડેમિના સભ્યો પૈકીની બનેલી હશે. આવા અંતસ્થ સભ્યોની સંખ્યા વિશે સ્પષ્ટતા નથી. વિદ્વાનોના મંડળની બીજી કેટેગરીમાં દરેક રાજય સરકારોએ સૂચવેલ પાંચ નામોમાંથી અંતસ્થ સભ્યો દ્વારા દરેક રાજયમાંથી એક સભ્યને કો-ઓપ્ટ કરવામાં આવશે. આમ દરેક રાજયમાંથી એક સભ્ય કોલેજીયમનો સભ્ય બનશે. કોલેજીયમ દ્વારા સમગ્ર દેશ માટે વિદ્વાનોની 'નેશનલ રજીસ્ટ્રી' બનાવવામાં આવશે. તમામ યુનિવર્સિટીઓ - કેન્દ્રીય, રાજય સરકારી તથા ખાનગી-ના કુલપતિની નિયુકિત આ નેશનલ રજીસ્ટ્રીમાં નોંધાયેલા નામોમાંથી જ કરવાની રહેશે. કોલેજીયમના કુલ સભ્યો પૈકી દર વર્ષે પાંચ સભ્યોની એકઝીકયુટીવ કાઉન્સીલ બનશે. કોલેજીયમની નિર્ણય લેવાની પ્રક્રિયા કલમ-૨૧માં દર્શાવી છે. આ કલમમાં કેન્દ્રીયકરણની પાછલા બારણેથી ઘુસણખોરી સ્પષ્ટ થઈ જાય છે. કલમ-૨૧ની જોગવાઈ મુજબ કોલેજીયમનો કોઈ પણ નિર્ણય અડધાથી વધારે કોર સભ્યોની ટેકો ન આપે તો તે આપોઆપ રદ ગણાશે. એક બાજુ કોર સભ્યો જો સંખ્યા કેટલી હશે તે કયાંય સ્પષ્ટ નથી. કોર સભ્યોની નિમણૂંકની પ્રક્રિયા કઈ હશે તે સ્પષ્ટ નથી. માત્ર ૧૭ (૩)માં આવા સભ્યો કોણ હશે તે જણાવેલ છે. નેશનલ રિસર્ચ પ્રોફેસર, નોબલ પ્રાઈઝ વિજેતા, ફિલ્ડ મેડલ મેળવનારા, જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર અને આંતરરાષ્ટ્રીય સ્તરની એકેડેમીના સભ્યોની સંખ્યા કેટલી તે કોઈ સ્પષ્ટ નથી એક બાજુ છવ્વીસ રાજયોના તેમના દ્વારા પસંદગી પામતા સભ્યોના દ્વારા નકકી કરાયેલ કોઈ બાબત કોર સભ્યો દ્વારા સહેલાઈથી રદ થઈ જાય તેવી જોગવાઈ આશ્ચર્ય પમાડે તેવી લાગે છે.

પ્રકરણ-ચારમાં કમીશનની સત્તાઓ અંગે વિવિધ બાબતોની જોગવાઈ કલમ-૨૪માં દર્શાવેલ છે. જયારે પ્રકરણ-સાતની કલમ-૫૪માં આ અંગેની સત્તા આપવામાં આવી છે. જેમાં વિવિધ ૩૩ બાબતોનો સમાવેશ થાય છે. જેમાં યુનિવર્સિટીની સ્થાપના તથા બંધ કરવાની જોગવાઈથી માંડી, પારદર્શિતાપૂર્ણ વહીવટની સ્થાપના, કોડ ઓફ ગુડ પ્રેકટીસનું માળખું, વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો વચ્ચે સંવાદિતાની નીતિ તથા પ્રક્રિયા, યુનિવર્સિટીઓને ગ્રાન્ટની ફાળવણીનું તંત્ર, તથા સિધ્ધાન્તો, ગ્રાન્ટ વિતરણની વ્યવસ્થા, સોશિયલ ઓડિટ, શૈક્ષણિક ગુણવત્તા, સંશોધનને સહાય, નેશનલ રજીસ્ટ્રીની જાળવણી, જેવી અનેક બાબતોનો સમાવેશ થાય છે.

સમગ્ર બિલનો અભ્યાસ કરતાં એ બાબત સ્પષ્ટ બને છે કે હાલની યુજીસી તથા અન્ય કાઉન્સીલોના જટીલ માળખામાંથી મુકિત મળવાને બદલે એક જ કેન્દ્રીય વ્યવસ્થામાં માળખું વધારે જટીલ બનાવાયું હોય તેવું લાગે છે. ઉચ્ચશિક્ષણ અને સંશોધનની નવી કાઉન્સીલની નિર્ણય લેવાની પધ્ધતિથી રાજય તથા કેન્દ્રના ઉચ્ચશિક્ષણમાં ભૂમિકાને પુનઃ ચકાસવાની જરૂર લાગે છે. નેશનલ રજીસ્ટ્રીમાંથી પાંચ નામ નકકી કરી રાજય સરકારે કાઉન્સીલને મોકલી આપવાના જે પૈકી કાઉન્સીલ જે નામ નકકી કરી આપે તેને રાજયે કુલપતિ તરીકે નિયુકત કરવાની વાત રાજય સરકારોને સ્વીકાર્ય બનશે ખરી ? નવા સંદર્ભમાં, યુનિવર્સિટીઓના કુલપતિઓની નિયુકિતમાં રાજય સરકારોએ માત્ર ટપાલીની ભૂમિકા ભજવવાની રહેશે. કમીશનની રચનાની મૂળ ભાવના યુજીસી રેગ્યુલેટર, નાણા ફાળવનાર, એક્રિડિટેશન આપનાર સત્તા બધું જ છે તેમાંથી તેનું ભારણ ઓછું કરવાને બદલે તે હવે આ કાયદો અમલમાં આવતાં નવા સ્વરૂપે રાષ્ટ્રીય કમીશન રૂપે વધારે સત્તા ભોગવતી લગભગ 'મોનોપોલી' ધરાવતી સંસ્થાનું સ્વરૂપ ધારણ કરશે. પ્રસ્તુત કાયદાથી હવે રાષ્ટ્રીય કમીશન 'સુપર યુજીસી' બની જશે. આ બિલ અંગે પ્રતિક્રિયા વ્યકત કરતાં શ્રી પી.બી. મહેતા - ધી ઈન્ડિયન એક્ષપ્રેસમાં જણાવે છે કે, "If this bill goes through, we will get centralisation instead of decentralisation, control instead of autonomy, homogenisation instead of diversity, bureaucratisation instead of suppleness, institutional rigidity instead of innovation, and a winner takes all approach to regulation."

શ્રી કે.એન. પાનીકર, કેરાલા સ્ટેટ હાયર એજયુકેશન કાઉન્સીલના વાઈસ-ચેરમેન દ્વારા આ બિલ અંગે પ્રતિક્રિયા આપતાં 'ધી હિન્દુ' દૈનિકમાં દર્શાવાયું છે કે બિલ " tend towards centralisation of powers and control over academic initiatives." આ બિલના આમુખમાં બે મુખ્ય હેતુઓ દર્શાવાયા છે : First, " to provide for the determination, co-ordination, maintenance of standards in and promotion of higher education and research", and Secondly, " to promote the autonomy of higher educational institutions for the free pursuit of knowledge and innovation and for facilitating access, inclusion and opportunities to all." પ્રસ્તુત બિલની જોગવાઈઓ જોતાં આ બન્ને મૂળ હેતુઓ સંપૂર્ણ વિસરાઈ ગયા હોય તેવી પ્રતીતિ થાય છે.

પ્રસ્તુત બિલ અંગેની વિગતો Ministry of Human Resource Developmentની website પર મુકવામાં આવી છે. ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલ સૌ કોઈ અધ્યાપક મિત્રો, સંસ્થાઓ આ બિલની વિગતોથી માહિતગાર બને તે હેતુથી ટૂંક સાર રૂપ અત્રે વિગતો આપી છે.

યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ત્યારે સૌ વિદ્યાર્થીમિત્રો સ્વસ્થતાથી પરીક્ષાઓમાં ભાગ લે તેવી શુભ કામના વ્યકત કરું છું.

૧૫ માર્ચ, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ટ્રેનિંગ કોર્સ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એન.સી.ટી.ઈ., ભોપાલ અને ઈન્ટેલના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખાના અધ્યાપકોના કમ્પ્યૂટર તાલીમ અંગેના કાર્યશિબિરનું આયોજન તા. ૨૧-૧૨-૨૦૦૯ થી ૨૬-૧૨-૨૦૦૯ દરમિયાન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી પ્રિ. ડૉ. જે.પી. ગોહિલે અથાગ પ્રયત્ન કર્યો હતો. આ કાર્યશિબિરનો ઉદ્ઘાટન સમારોહ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને અને કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિવિશેષ પદે કમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટમાં યોજાયો હતો.

કાર્યક્રમમાં મહેમાનશ્રીનું સ્વાગત ડૉ. કે.વી. દેસાઈએ કર્યું હતું અને બી.એડ્.ના અભ્યાસક્રમમાં કમ્પ્યૂટરની તાલીમની અનિવાર્યતા જણાવી હતી. અધ્યક્ષસ્થાને કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિએ કમ્પ્યૂટર અવરનેશ પર મનનીય પ્રવચન આપી પ્રસ્તુત કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યશિબિરમાં ઈન્ટેલ તરફથી ટ્રેનિંગ માટે શ્રી ધર્મેશ આચાર્ય, સ્વપ્નેશ મહેતા અને પ્રકાશ મુદ્રાલે ટ્રેઈનર તરીકે હાજર રહયા હતા. પ્રસ્તુત કાર્યશિબિર દરમિયાન કમ્પ્યૂટર અંગેની બેઝીક સૈધ્ધાંતિક માહિતી ઉપરાંત Microsoft Windows, Microsoft Office 2010, Word, Excel, Power Point, Internet, E-mail વગેરેની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યશિબિરને સફળ બનાવવા ઈ.પ્રિ. જપન દેસાઈએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. એન.પી. ગોહિલે કર્યું હતું.

## 41st Annual Convocation - 2010

યુનિવર્સિટીનો ૪૧મો વાર્ષિક પદવીદાન સમારોહ વીર નર્મદની પુણ્યતિથિ શુક્રવાર તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ યુનિવર્સિટીના મહામહિમ કુલાધિપતિશ્રી તેમજ માનનીયા રાજયપાલશ્રી ડૉ. કમલાજીના પ્રમુખ સ્થાને યુનિવર્સિટી પરિસરમાં સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડિનશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, પરીક્ષા નિયામકશ્રી, યુનિવર્સિટી પરિવાર તથા વિદ્યાર્થીઓ અને મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિએ સમયમૂર્તિ નર્મદને શ્રધ્ધાંજલિ આપતાં આવકાર પ્રવચનમાં જણાવ્યું કે : યુનિવર્સિટીએ વિવિધ સત્તામંડળોના સહકારથી છેલ્લા એક વર્ષ દરમિયાન સમાજ પાસેથી કરોડો રૂપિયાની સખાવત પ્રાપ્ત કરીને યુનિવર્સિટીના વિકાસને તીવ્ર ગતિ પ્રદાન કરી છે. વધુમાં તેમણે છેલ્લા એક વર્ષ દરમ્યાન યુનિવર્સિટીએ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે મેળવેલ સિધ્ધિઓને પણ વર્ણવી હતી.

ગુજરાત રાજયના પૂર્વ મુખ્યસચિવશ્રી પ્રવિણ લહેરીએ દીક્ષાંત પ્રવચન આપતાં જણાવ્યું કે : મારી અંતઃકરણપૂર્વકની શુભેચ્છા છે કે તમારો જીવનપથ પ્રકાશમય હોય, સુખ, સંપત્તિ, સંસ્કાર અને સ્વાસ્થ્યની પ્રાપ્તિ સાથે સ્નેહ અને સમર્પણની ગંગા-યમુના તમારા ચરણો પખાળતી રહે. સ્વાભિમાન, શકિતમાન અને હિંમતવાન રાષ્ટ્રના સફળ ઘડવૈયા બનો. ભારતની ભવ્યતા અને વિરાસતને તમે વિસ્તારો, સમગ્ર માનવ જાતિના જીવનને સંવેદનામય, સાત્વિક અને સુખી બનાવવા માટે તમારી પેઢીનું પ્રદાન અદકેરું હોય અને સમગ્ર વિશ્વ એ હકીકત સ્નેહથી સ્વીકારે કે ભારત વિશ્વનું સૌથી પ્રગતિશીલ, ન્યાયી, માનવીય અને ઉદાર રાષ્ટ્ર છે. આ તમારી વિધીએ નકકી કરેલી નીયતિ છે.

અધ્યક્ષીય પ્રવચનમાં મહામહિમ કુલાધિપતિશ્રી તેમજ માનનીય રાજયપાલશ્રી ડૉ. કમલાજીએ વિદ્યાર્થીઓને આશિષ આપતાં જણાવ્યું કે : સ્નાતકોએ ગરીબ લોકોને મદદરૂપ થવા માટે કંઈ સમાજસેવક બનવાની જરૂર નથી. તે માટે કોઈ ખર્ચ કરવાની જરૂર પણ નથી. તમે તમારી આજુબાજુમાં રહેતા પછાત લોકોનાં બાળકોને શાળામાં દાખલ કરાવી શકો છો. નિરક્ષર લોકો કે જેમને કેન્દ્ર અને રાજય સરકારની રોજગારીની યોજનાઓ વિશે જેને જાણકારી નથી તેમને રોજગારી આપવામાં મદદ કરી શકો છો. દેશને આઝાદ કરવા માટે અસંખ્ય લોકોએ બલિદાન આપ્યા. આજની પેઢી પાસે આવા કોઈ બલિદાનની આશા નથી પરંતુ આ પેઢી તેનો થોડો સમય સમાજના પછાત વર્ગ માટે આપે તેટલી આશા તો જરૂર છે.

આ પાવન પ્રસંગે શિક્ષણક્ષેત્રે અદ્વિતીય પ્રદાન કરી સેંકડો વિદ્યાર્થીઓને અણમોલ જ્ઞાન પ્રદાન કરનાર ડૉ. સી.એમ. દેસાઈને મહામહિમ કુલાધિપતિશ્રીએ તેમના ૯૬મા જન્મદિને ડોકટર ઓફ સાયન્સની પદવીથી વિભૂષિત કર્યા હતા.

તદપરાંત વિવિધ અભ્યાસક્રમોમાં તેજસ્વી દેખાવ કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને મહામહિમ કુલાધિપતિશ્રીના વરદહસ્તે મેડલ એનાયત પણ કરવામાં આવ્યા હતા. પદવીદાન સમારોહમાં સ્નાતક, અનુસ્નાતક, પીએચ.ડી. તેમજ એમ.ફિલ. થયા હોય તેવા સૌકોઈને પદવી એનાયત કરવામાં આવી હતી. જે પૈકી વિનયન : ૧૦,૩૮૨, શિક્ષણ : ૨,૬૨૨, વિજ્ઞાન : ૪,૪૮૨, ઈજનેરી : ૧,૮૨૨, કાનૂન : ૧,૨૪૯, તબીબી : ૬૭૨, વાણિજય : ૮,૭૧૫, ગ્રામ્ય : ૨૪૫ અને મેનેજમેન્ટ વિદ્યાશાખાને : ૫૧૦ પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

તદપરાંત સુરત શહેરને ગૌરવાન્વિત કરનાર એમ.એસસી. (આઈ.ટી.)ની છાત્રા કુ. પૂજા ચૌઋષીને રમતમાં શ્રેષ્ઠ પ્રદાન કરવા બદલ મહામહિમ કુલાધિપતિશ્રીના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

મહામહિમ કુલાધિપતિશ્રીએ દોઢ કરોડના ખર્ચે તૈયાર થયેલ સરસ્વતી છાત્રાલયને પણ ખુલ્લું મૂકયું હતું.

વીર કવિ નર્મદના પુણ્ય સ્મરણ માટે શહેરના સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને યુનિવર્સિટી ગીતના રચયિતા ડૉ. ભગવતીકુમાર શર્માના અધ્યક્ષપદે કવિશ્રી કિસન સોસા, રવીન્દ્ર પારેખ, નયન દેસાઈ, ડૉ. મુકુલ ચોકસી, ડૉ. રઈશ મણીયાર, જનક નાયક, બકુલેશ દેસાઈ, ગૌરાંગ ઠાકર, રીના મહેતા, કિરણ ચૌહાણ, મહેશ દોવડકર અને યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીમાં સાંજે ૬.૦૦ કલાકે કાવ્યાંજલિ કાર્યક્રમ પણ યોજાયો હતો.

૪૧મો વાર્ષિક પદવીદાન સમારોહ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. (તંત્રી)


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૪૧મો
વાર્ષિક પદવીદાન સમારંભ
શુક્રવાર, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૦

## Awards and Medals

1. **Dalwadi Bhavikaben Madanbhai** (Shree Jayendrapuri Arts & Science College, Bharuch.), SHRI SITARAM SABOO PUBLIC CHARITABLE TRUST MEDAL (HINDI (PRIN.) B.A. Degree Exam, March-2009.).
2. **Patel Snehabahen Ambaram**(M.T.B. Arts College, Surat.), CHANANMAL SAHANI ENGLISH MEDAL (ENGLISH (PRIN.) B.A. Degree Exam March-2009.)
3. **Shaikh Fatimabanu Mohammad** (S. B. Garda Arts & P. K. Patel Commerce, College, Navsari), NAVNIRMAN SAMITI NAVSARI & DR. RAMABEN KAPADIA ARPIT VIKRAM MEHTA & MOHANBHAI PATEL ROTATING MEDAL (ENGLISH (COMP.) B.A. Degree Examination, March-2009.)
4. **Chauhan Jaypalsinh Dilipsinh** (Jayendrapuri Arts and Science College, Bharuch), Dr. DHIRENDRA MEHTA MEDAL (PSYCHOLOGY (PRIN.) B.A. Degree Examination, March -2009.)
5. **Parmar Kalpanakumari Vanmalibhai** (Government Arts & Commerce College, Karcheliya), PARAM PUJYA SADGURU SHRI NARAYAN SWAMI MEDAL (SANSKRIT (PRIN.) B.A. Examination, March-2009.)
6. **Gandhi Sima Subhashchandra** (Smt. J. P. Shroff Arts College, Valsad.), PROF.A.S.CHARAN MEDAL (ECONOMICS. B.A. Degree Examination, March-2009.)
7. **Patel Mayuribahen Amratbhai** (Mahila Arts & Commerce College, Navsari.), NAVSARI NAGAR PALIKA ARPIT PETRIYOT DADABHAI NAVROJI, MEDAL IS EQUALLY DISTRIBUTED (POLITICAL SCI (PRIN.) B.A. Degree Examination, March-2009.)
8. **Rajput Rekhaben Thansing** (Mahila Arts & Commerce College, Navsari), NAVSARI NAGAR PALIKA ARPIT PETRIYOT DADABHAI NAVROJI, MEDAL IS EQUALLY DISTRIBUTED (POLITICAL SCI. (PRIN.) B.A. Degree Examination, March-2009.)
9. **Gadhecha Vaibhavi Chandubhai** (K.B.S. College of Professional Sciences & Commerce, Vapi.), MANGALYA MEDAL IS EQUALLY DISTRIBUTED (B.Com. Degree Examination, March-2009.)
10. **Choudhary Divya Lalit** (S.P.B. English Medium College of Commerce, Surat.), MANGALYA MEDAL IS EQUALLY DISTRIBUTED (B.Com. Exam., March-2009.)
11. **Singhal Neha Krishnaprakash**(S.P.B. English Medium College of Commerce, Surat.), BHUTPURVA VIDHYARTHIO PRERIT PRIN. A. C. CHOKSI MEDAL IS EQUALLY DISTRIBUTED (Auditing & Mgt. A/c. as Special Subject at the B.Com. Degree Examination, March-2009), LATE RATI AND LATE NAOSHIRWAN KARANJIA GOLD MEDAL IS EQUALLY DISTRIBUTED (Auditing & Mgt. Accountancy as Special Subject amongst the Lady Candidates at the B.Com. Degree Examination, March - 2009.)
12. **Singhal Shilpa Puranmal** (S.P.B. English Medium College of Commerce, Surat), BHUTPURVA VIDHYARTHIO PRERIT PRIN. A. C. CHOKSI MEDAL IS EQUALLY DISTRIBUTED (Auditing & Mgt. A/c. as Special Subject - B.Com. Degree Exam., March-2009.), LATE RATI AND LATE NAOSHIRWAN KARANJIA GOLD MEDAL IS EQUALLY DISTRIBUTED(Auditing & Mgt. Accountancy as Special Subject amongst the Lady Candidates - B.Com. Degree Exam, March - 2009.)
13. **Mandanka Vandanaben Dhirubhai** (Sir K. P. College of Commerce, Surat.), THE SURAT MERCANTILE CO-OP. BANK LTD. PRERIT B.P. DESAI MEDAL (BANKING as a Special Subject at the B.Com. Degree Exam., March-2009.)
14. **Solanki Rajlaxmi Manubhai** (Sir P. T. Sarvajanik College of Science, Surat.), SWARGASTH SHRI KISANLAL RANCHHODDAS KAZI MEMORIAL MEDAL (B.Sc. Degree Exam., March-2009.), SHRI PARAMAHANS YOGANAND MEDAL (B.Sc. Degree Exam., March-2009.), PRIN. N. M. SHAH MEDAL (MATHEMATICS B.Sc. Degree Exam., March-2009.)
15. **Parmar Roshnibahen Mahendrasinh** (Sir P. T. Sarvajanik College of Science, Surat.), PRIN.DR.KUSUMBEN RAMKRUSHNA DESAI MEDAL (CHEMISTRY (PRIN.) B.Sc. Degree Exam. March-2009.)
16. **Patel Smrutibahen Jagdishbhai** (Sir P. T. Sarvajanik College of Science, Surat.), DR. Y. G. NAIK MEMORIAL MEDAL (PHYSICS (PRIN.) B.Sc. Degree Exam., March-2009.), SMT. AVANTIKA C. PATHAK PRERIT SWARGASTH PROF. C. V. PATHAK MEDAL (PHYSICS B.Sc. Degree Exam., March-2009).
17. **Shah Pratik Subhashchandra** (V.T. Choksi Sarvajanik Law College, Surat.), SHRI UJAMSI SHAH VIDHYARTHI KALYANNIDHI MEDAL (Third LL.B.(Special) Degree Exam., April -2009.)
18. **Rana Vaishaliben Arvindkumar** (Dolat - Usha Institute of Applied Sciences, Valsad.), MRS. RASHMI HARESH SHAH MEDAL (Diploma in Medical Laboratory Technology Degree Exam., April-2009.)
19. **Edulje Mahashi Pervez** (Department of English V.N.S.G.Uni., Surat.), SHRI DHIRAJLAL VRAJDAS ATMARAM SHROFF MEDAL (ENTIRE ENGLISH -M.A. Degree Exam., April - 2009.), PROF. H.C. TRIVEDI MEDAL (ENTIRE ENGLISH - M.A. Degree Exam., April 2009.), PROF. INDUBALA PANDYA MEDAL (ENTIRE ENGLISH - M.A. Degree Exam., April 2009.)
20. **Rabari Dharmishathaben Kantubhai** (Arts & Commerce College, Mandvi), DAWAR PUBLIC CHARITABLE TRUST MEDAL (HINDI (ENTIRE) - M.A. Degree Exam., April-2009.)
21. **Patel Vibhootiben Chintubhai** (Arts & Commerce College, Chilkhli), PROF. MOHANLAL PARVATISHANKAR DAVE ROTATING MEDAL (SANSKRIT (ENTIRE) - M.A. Degree Exam., April 2009.), DR. A. D. SHASTRI MEDAL (SANSKRIT (ENTIRE) - M.A. Degree Exam., April 2009.)
22. **Sahib Nafishabanu Moh. Salim** (Department of Economics V.N.S.G.U.), SHRI B. K. MAJMUDAR MEDAL (ECONOMICS (PRIN.) - M.A. Degree Exam., April 2009.)
23. **Dubey Garima Dinesh** (Department of Economics V.N.S.G.U.), PROF. B. V. MEHTA MEDAL (PUBLIC FINANCE & SOCIAL A/C. (ECONOMICS) - M. A. Part-I (Full Time) Exam. April -2009.with a condition that the under take to pursue further study in M. A. Part-II (Full Time) (Economics) Exam.)
24. **Tandel Nayankumar Gaurishankar** (Department of Economics V.N.S.G.U.), KHAND UDHYOG BARDOLI MEDAL (AGRICULTURE ECONOMICS - M.A. Degree Exam., April 2009.)

25. **Moradiya Amitaben Lavjibhai** (Department of Economics V.N.S.G.U.), SWARGASTH SHRI KISHORCHANDRA PRABHUDAS JOBANPUTRA MEDAL (INDUSTRIAL ECONOMICS - M.A. , April 2009.)

26. **Saidane Satishbhai Ashmanbhai** (Department of Economics V.N.S.G.U.), PROF.A.S.CHARAN MEDAL (HUMAN RESOURCE - M.A. Degree Exam., April 2009.)

27. **Chaudhari Nitikshaben Narendrabhai** (Department of Sociology V.N.S.G.U.), SWARGASTH SHRI SHASHIKANT AMRUTLAL PATEL (LETHWALA) MEDAL (SOCIOLOGY - M.A. Degree Exam., April 2009.)

28. **Patel Pinalben Sureshbhai** (Department of Sociology V.N.S.G.U.), DR. JAGNATH PATHIZ GOLD MEDAL (SOCIOLOGY - M.A. Part -I Exam., April 2009.)

29. **Chaudhari Anjanaben Govindbhai** (Arst & Commerce College, Bardoli), SHRI & SMT. PROF DIPTIBEN ARUNBHAI HARIYANI (NAVSARI) MEDAL (HISTORY - M. A. Degree Examination, April 2009.)

30. **Patel Poonamben Ramjibhai** (Sir K.P. College of Commerce, Surat), HARI OM ASHRAM ARPIT SIR P.T. MEDAL (M.Com. Degree Exam., April -2009.)

31. **Jhaveri Foram Kiritkumar** (Sir K.P. College of Commerce, Surat), SWARGASTH KUM. NILIMA MAJMUDAR SMARAK MEDAL IS EQUALLY DISTRIBUTED (Financial & Management Accounting - M. Com. Degree Exam., April -2009.)

32. **Ramoliya Ashaben Babubhai** (Sir K.P. College of Commerce, Surat), SWARGASTH KUM. NILIMA MAJMUDAR SMARAK MEDAL IS EQUALLY DISTRIBUTED (Financial & Management Accounting - M. Com. Degree Exam. April -2009.)

33. **Kapadiya Kunalkumar Kiritbhai** (Narmada College of Science & Commerce, Zadeshwar.), DR. H. B. NAIK MEDAL (CHEMISTRY - M.Sc. Exam., April -2009.), SWARGASTH SHRI RATILAL NAGARJI DESAI MEDAL (CHEMISTRY-M.Sc. Degree Exam., April -2009.)

34. **Naidu Meera Chelliaa** (V.N.S.G.U. M.Sc.(I.T.) Programme, Surat), PRIN B.N. PATEL AND DR. C.M. DESAI MEDAL (M.Sc. (I.T.) Degree examination amongst the candidates who appeared at M.Sc. Degree Examination with Chemistry/Bio- Science /M. Sc. Degree Exam. April - 2009.)

35. **Saliya Avani Pravinbha**i (University Department of Bio - Science V. N. S. G. U., Surat.), DR. C.Z. SHAH MEDAL (BIO - SCIENCE - M.Sc. Degree Exam,. April - 2009.)

36. Raval Neha Jitendra (University Department of Statistics, V. N.S.G.U., Surat.), PROF. D.G. VASHI MEDAL (STATISTICS - M.Sc. Degree Exam., April - 2009.)

37. **Patel Khushbubahen Vikrambhai** (University Department of Mathematics, V. N.S.G.U., Surat.), PROFESSOR DR. A.P. VERMA MEDAL (MATHEMATICS - M.Sc. Degree Exam., April - 2009.)

38. **Gayakwad Mamta Rajanbhai** (Department of Public Administration, V.N.S.G. U, Surat), HARI OM ASHRAM ARPIT SIR PRABHASHANKAR PATNI MEDAL ( M.P.A. Degree Exam. May - 2009.)

39. **Chikani Heenaben Harilal** (Department of Master of Rural Studies V.N.S.G.Uni., Surat.), DR. V. K. MADALIA MEDAL (M.R.S. Part- II Degree Exam., April-2009.)

40. **Shah Rajiv Bharatkumar** (University Department V. N.S.G.U, Surat.), SHRI JUGATRAM T. DAVE MEDAL (M.L.W. Part-II Degree Exam., April - 2009.)

41. **Todiwala Parinaz Parvez** (University Department V.N.S.G.U., Surat.), HARI OM ASHRAM ARPIT SWARGASTH SHRI GORDHANDAS CHOKHAWALA MEDAL (M.H.R.D. Part-II Degree Exam., April - 2009.)

42. Nair Surya P. Radhakrishnan (Department of Economics V.N.S.G.U., Surat.), SWARGASTH THAKORBHAI JETHABHAI PATEL(BHARTHANA) MEDAL (M.B.E. Degree Exam. May-2009.)

43. **Patel Payal Jagdishkumar** (V. T. Choksi Sarvajanik College of Education, Surat), / ACHARYA CHANDRAVADAN SHAH MEDAL (B.Ed. Degree Exam., April -2009.)

44. **Desai Riddhi Rajeshbhai** (Department of Education, V.N.S.G.Uni., Surat), HARI OM ASHRAM ARPIT MAHARSHI DAYANAND SARASVATI MEDAL (M.Ed. Degree Exam. April - 2009.)

45. **Darji Ira Jagdishbhai** (M.Sc. I.T. Programme, V.N.S.G.Uni., Surat.), SWARGAST SHRIMATI JASHUBEN KISHORBHAI DESAI MEDAL (M.Sc. (IT) 8th Semester Exam. April -2009 ).

46. **Chhajed Ankit Vimalchandji** (G. I. D. C. Rofel Institute of Management Studies, Vapi), SWARGASTH HIRALAL MANCHHARAM BACHKANIWALA MEDAL (M.B.A.(F.T.) Degree Exam., April 2009.)

47. **Gupta Vijayendrakumar Shivmohan**(Department of Business Industrial Management V.N.S.G.Uni., Surat.), WINTEX MEDAL (M.B.A. (Evening) Exam, April - 2009.)

48. **Singh Deepti H.** (C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.), PRAMUKH GEMS, SURAT PRERIT "PRAMUKH EDUCATION AND CHARITABLE TRUST MEDAL (Homeopathic (B.H.M.S) Degree Exam., March - 2009.)

49. **Ahir Mukeshbhai Bhimjibhai** (Government Medical College, Surat.), DR. SUDERSHAN H. PANDIT (EYE SPECIALIST) OF INDORE MEDAL (M.S. (General Surgery) Exam., May-2009.), DR. RASIKLAL M. PARIKH MEDAL (M.S. (General Surgery) Exam., May -2009.)

50. **Goel Garima Subhashchandra** (Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat), SWARGASTH DR. AKEN DESAI SMRUTI MEDAL (M.S. (Gynaecology) Degree Exam. May - 2009.)

51. **Patel Divyang Rajnikant** (Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat), DR. H.K. GAUR MEMORIAL MEDAL (M.D. (Paediatrics) Degree Exam., May -2009.)

52. **Patel Jitendra Navinbhai** (Government Medical College, Surat.), HARI OM ASHRAM PRERIT DR. R. K. DESAI ROTATIING MEDAL (M.D.(Pathology) Degree Exam., May 2009.)

53. **Shah Dhara Mayankkumar**(Government Medical College, Surat.), SWARGASTH SMT. PRAMILA DHIRUBHAI DESAI MEDAL (M.D.(Anaesthesiology) Degree Exam. May -2009.)

54. **Patel Natvarlal Bhanabhai**(Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat.), DR. N.R.MEHTA MEDAL (M.D.(Community Medicine) Degree Exam., May 2009.)

55. **Patel Paragkumar Chandrakantbhai**(Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat.), DHANMAI PESTONJI B. NEKU MEDAL (MEDICINE - Third M.B.B.S. Degree Exam., February-2009.)

56. **Italiya Dishaben Vallabhbhai**(Surat Muni. Institute of Medical Education & Research, Umarwada, Surat.), DR. JAMSHEDJI LASHKARI SERVICES MEDAL (MEDICINE amongst the Lady Candidates - Third M.B.B.S. Degree Exam., February-2009.)

57. **Dumaswala Bhavin Jitendra** (Government Medical College, Surat.), SHRI PESTONJI BHIKHAJI D. NEKU MEDAL (SURGERY - Third M.B.B.S. Degree Exam., February-2009.)

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

ગુજરાત રાજય સ્વર્ણિમ ગુજરાત મહોત્સવના ભાગ રૂપે શિક્ષણની ગુણવત્તા સુધારવા આચાર્ય અને અધ્યાપકની સુસજ્જતા વધારવાની સાથે વહીવટી કર્મચારીઓની કાર્યશૈલીની ગુણવત્તા ઉત્કૃષ્ટતા તરફ લઈ જવાના હેતુથી વલસાડ જીલ્લાની તમામ કોલેજોની વહીવટી કર્મચારીઓની એક શિબિર તા. ૨૧-૦૨.૨૦૧૦ના રોજ રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીના ઉપક્રમે યોજવામાં આવી હતી. આ શિબિરના તજજ્ઞ તરીકે પૂર્વ કુલપતિશ્રી અને પૂર્વ કલેકટર શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, ડૉ. નાનુભાઈ પટેલ, યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ અને શ્રી દિપેશ શાહે સેવા પૂરી પાડી હતી. શિબિરનું ઉદ્‌ઘાટન શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અને સિન્ડિકેટ સભ્યશ્રી હોશુંગ મિરઝાએ દિપ પ્રગટાવી કર્યું હતું. શ્રી હોશિંગ મિરઝાએ યુનિવર્સિટી સાથેના પોતાના વહીવટીના અનુભવને વાગોળતા આ શિબિરની આવશ્યકતા પર ભાર મૂકયો હતો. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે હળવી શૈલીમાં ઉ.દા. સાથે વહીવટીમાં



ઉપયોગી થાય તેવી ચાર બાબતોનું ચિંતન અને આચરણ કરવા વહીવટી કર્મચારીઓને સૂચન કર્યું હતું.

(૧) વહીવટી કર્મચારીની જરૂરિયાતનો સિધ્ધાંત. (૨) જે કામ રજૂ કરો તે વિશ્વાસપૂર્ણ અને નિર્ણયમાં સરળ હોય તે રીતે કર્મચારીએ રજૂ કરવું. (૩) આજનો કારકુન આવતી કાલનો અધિકારી છે. એવા વિશ્વાસથી આંતરવ્યવહાર અને કાર્ય કરવું. (૪) વહીવટીમાં પારદર્શકતા અને નિપૂણતા જરૂરી છે. ડૉ. નાનુભાઈએ વહીવટી કર્મચારીની ગુણવતા અને મૂલ્યનિષ્ઠાની વાતો કરી હતી. શ્રી દિપેશ શાહે વહીવટી કર્મચારીઓના હકારાત્મક વલણો અભિગમને ઉદાહરણ સહિત સમજાવ્યા હતા. શ્રી ડૉ. અપૂર્વ દેસાઈએ વર્તમાન સમયમાં ઓફિસમાં કમ્પ્યૂટરનું સ્થાન, ઉપયોગિતા અને વિશેષતા સમજાવી હતી. રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુભાષભાઈ પંચાલ, શ્રી ઉજ્જવલભાઈ કાકરીયા, આચાર્યશ્રી બી.એન. જોષી, ડૉ. યોગેશભાઈ ભટ્ટ અને ડૉ. રશ્મિબેન દેસાઈ ઉપસ્થિત રહયા હતા. પ્રિ. ડૉ. યોગેશ ભટ્ટે આભારવિધિ સાથે શિબિરની પૂર્ણાહુતિ કરી હતી.

## સેમિનાર




ઝેડ.એસ. વુમેન્સ કોલેજ (બી.એડ્.-એમ.એડ્.) સુરતમાં તા. ૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૦ દરમ્યાન 'Empowring Women through Education' વિષય ઉપર રાષ્ટ્રીય સેમિનાર યોજાઈ ગયો. જેના કન્વીનર અને તજજ્ઞ તરીકે યુનિવર્સિટીના પ્રોફે. ઉમ્મેદ સિંગ હતા. આ સેમિનારમાં ૧૭૬ પ્રતિનિધિઓ હાજર રહયા હતા. ઉદ્‌ઘાટન પ્રવચન કુલપતિ પ્રોફે. બી.એ. પ્રજાપતિએ આપ્યું હતું. આ સેમિનારમાં ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. તિતિક્ષા ધ્રુવ, ડૉ. કલ્પના મોદી, ડૉ. ઈલા વારિયા, પ્રોફે. હેમલતા તલેસરા, ડૉ. સંજીવ સોનવણે, ડૉ. પ્રદીપ જોબનપુત્રા, ડૉ. બી.બી. પ્રધાન, ડૉ. સુષ્મા અગ્રવાલ, ડૉ. જે.પી. ગોહિલ, સંજયભાઈ દેસાઈ, ડૉ. કિરીટ સિંહ વાંસદિયા અને શ્રી જયંતીભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

> સતત નવું શીખતા રહેવાની વૃત્તિ રાખો, જે કાંઈ શીખો તે ફરજના ભાગરૂપે બોજ ગણીને નહીં બલ્કે, જીવનની એક રીત તરીકે આનંદથી શીખો. તમારી સમગ્ર કારકિર્દી દરમ્યાન જીજ્ઞાસાવૃત્તિને પ્રતિક્ષણ જીવંત રાખો.
>
> (જહોન એડવર્ડસન CDW કોર્પોના. પ્રેસિડન્ટ અને સી.ઈ.ઓ.)

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com